**આનંદાલય**
**અર્ધવાર્ષિક પરીક્ષા**
**ધોરણ – ૮**

વિષય : ગુજરાતી | કુલ ગુણ:30
તા:૨૦.૦૯.૨૦૨૫ | સમય : ૧ કલાક 30 મિનિટ

**પ્રશ્ન:૧ નીચે આપેલ ગદ્યાંશ વાંચીને પ્રશ્નોનાં જવાબ લખો.** **૪×૧=૪**

અભ્યાસનું મહત્વ આપણા દેશમાં બહુ લાંબા કાળથી સમજાયેલું છે. પણ અભ્યાસ સાથે બીજી કેટલીક બાબતો પર ધ્યાન ગયું નથી. અભ્યાસ વિના સંસ્કાર દઢ થતાં નથી એ જણાયું એટલે ગમે તે રીતે આપણે અભ્યાસ કરાવવા મથીએ છીએ. દરેક ક્રિયા ત્રણ રીતે કરી શકાય છે. ભયથી, લાલચથી કે પ્રેમથી. ભયથી અને લાલચથી પણ સંસ્કાર પાડી શકાય છે. એમાં અભ્યાસ કરનારની વિવેકબુદ્ધિને ખીલવવી પડતી નથી. સરકસના મેનેજરો જનાવરોને ભયથી જ કેળવે છે. શાળામાં શિક્ષકો પણ એ જ રીત અપનાવે છે. ઘણા ધર્મગુરુઓ પણ ભય કે આશા બતાવીને સારી ટેવો પાડવાનો પ્રયત્ન કરે છે. પણ આ રીતે પાડેલી ટેવોમાથી જ્યારે વિશ્વાસ ઊઠી જાય ત્યારે સૈકાની ટેવો પણ થોડા જ સમયમાં નાશ પામે છે.

૧ આપણે અભ્યાસનું મહત્વ શા માટે સ્વીકારીએ છીએ ?
૨ દરેક ક્રિયા કઈ ત્રણ રીતે કરી શકાય છે ?
3 કઈ રીતોમાં અભ્યાસ કરવાની વિવેકબુદ્ધિને ખીલવવી નથી પડતી ?
૪ ભયથી કે લાલચથી પડેલી ટેવો ક્યારે નાશ પામે છે ?

**પ્રશ્ન:૨ સુચના મુજબ લખો**

**(અ) નીચે આપેલી ખાલી જગ્યા યોગ્ય શબ્દ વડે પૂરો અને ફરીથી લખો.** **૨×૧=૨**

૧ શબરીની ઝૂંપડી __________ના ઝાડ નીચે છે.
૨ કબડ્ડી ની રમત ગુજરાત તથા મહારાષ્ટ્ર રાજ્યમાં _________ નામે ઓળખાય છે.

**(બ) નીચે આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દો લખો.** **૨×૧=૨**

૧) મત ૨) નયન

**(ક) નીચે આપેલા શબ્દોના વિરોધી શબ્દો લખો.** **૨×૧=૨**

૧) શીતળ ૨) સફળ

**(ડ) નીચે આપેલા શબ્દોની જોડણી સુધારીને સાચી જોડણી લખો.** **૨×૧=૨**

૧) મારગદરષેંન ૨) શીઆળ

**પ્રશ્ન:3 (અ) નીચે આપેલા પ્રશ્નોના એક બે વાક્યમાં જવાબ લખો.** **૪×૧=૪**

૧ કબડ્ડી એ ભારતની કેવી રમત છે?

૨ વાઘને પિંજરામાંથી કોણે છોડાવ્યો?

3 શબરી કેવી રીતે પ્રભુની પૂજા કરે છે?

૪ સફળતાની ચાવી કઈ છે?

**(બ) નીચે આપેલા પ્રશ્નોના જવાબ મુદ્દાસર લખો.** **3×૨=૬**

૧ મનોચિકિત્સકે યુવકમાં આત્મવિશ્વાસ પેદા કરવા શું કર્યું? તેનો શું પરિણામ આવ્યું?

૨ 'માનવનું પ્રાણી પ્રત્યેનો વર્તન' પાઠમાંથી આપણને શો બોધ મળે છે?

3 કબડ્ડી ની રમતમાં ખેલાડી ક્યારે આઉટ ગણવામાં આવે છે?

**પ્રશ્ન:૪ નીચે આપેલી કાવ્ય પંક્તિનો અર્થવિસ્તાર કરીને લખો.** **૨×૨=૪**

૧ પંપાપુરની ભીલડી આ તો, જગમાં જેની અમર વાતો,
રામ સિધાવ્યા રાવણ હણવા, શબરી ગઈ સ્વધામ.

૨ આજ પધાર્યા શબરીના સ્વામી , ધન્યતા આજે ભીલડી પામી.
શ્રદ્ધાવેલી પાંગરી આજે , વૃતિ પામી વિરામ.

**પ્રશ્ન:૫ નીચે આપેલા વિષય ઉપર નોંધ લેખન કરો.** **૪**

૧ હિંસક અને અહિંસક પ્રાણીઓના નામની યાદી તૈયાર કરીને મનુષ્યનું પ્રાણી પ્રત્યેનું વર્તન કેવું હોવું જોઈએ તેની નોંધ લખો.

**અથવા**

૨ ઉદ્યમ , પરિશ્રમ , વિશ્વાસ અને આત્મવિશ્વાસથી સફળ થયેલા વ્યક્તિઓના નામની યાદી તૈયાર કરીને કોઈપણ એક સફળ વ્યક્તિના જીવન વિશે નોંધ લખો.